# ઇન્ટરનેટના નિષ્ણાત વપરાશકર્તા બનો.

ઇન્ટરનેટના નિષ્ણાત વપરાશકર્તા હોવાનો અર્થ છે સ્માર્ટ, સાવચેત, સશક્ત, દયાળુ અને બહાદુર વપરાશકર્તા હોવું. આ ગુણોને **દર્શાવવા માટે**, અમારા પરિવારના બધા સભ્યો નીચેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરવાનું વચન આપે છે:

## કાળજીપૂર્વક શેર કરો

અમે સમજદારીપૂર્વક વિચારીશું કે અમે શું શેર કરીએ છીએ અને કોની સાથે-અમારા પોતાના અને અન્ય લોકો પર તેની શું અસર થઈ શકે છે-અને વધુ સંવેદનશીલ માહિતી અમારી પાસે જ રાખીશું એટલે કે ઘરનું સરનામું, વર્તમાન સ્થાન, અન્ય લોકોનો વ્યવસાય).

## નકલીની જાળમાં ફસાશો નહીં

અમે ફિશિંગ અને સ્કૅમ અંગે સાવચેત રહીશું અને દરેક વખતે એકબીજાને શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરીશું.

## તમારી ખાનગી માહિતીને સુરક્ષિત રાખો

અમે અક્ષરો, અંકો અને પ્રતીકો વડે સશક્ત અને વિશિષ્ટ પાસવર્ડ બનાવીને મહત્ત્વપૂર્ણ માહિતીનું રક્ષણ કરવાની જવાબદારી લઈશું.

## દયાળુ બનવું એ સારી વાત છે

અમે સકારાત્મકતા અને આદર ફેલાવીશું અને પીડાદાયક ઑનલાઇન વર્તનને બ્લૉક કરીશું અને તેની જાણ કરીશું. જો ઑનલાઇન અન્ય લોકોને નુકસાન કરવામાં આવતું અમને જોવા મળશે, તો અમે મૂક પ્રેક્ષક નહીં પરંતુ શિકાર બનતી વ્યક્તિનો સાથ આપતા લોકો બનીશું.

## જ્યારે શંકા હોય, ત્યારે તેના વિશે વાત કરો

જ્યારે અમને ઑનલાઇન પીડાદાયક અથવા અયોગ્ય વર્તન જોવા મળે, ત્યારે અમારા પોતાના માટે અને અન્ય લોકો માટે તેનો વિરોધ કરીશું. અમે એવી પરિસ્થિતિઓની ચર્ચા કરીશું, જે અમને એક પરિવારના સભ્યો તરીકે એકબીજા સાથે અસ્વસ્થતાનો અનુભવ કરાવતી હોય.

કારણ કે ઑનલાઇન દુનિયાના સુરક્ષિત અને આત્મવિશ્વાસથી ભરપૂર શોધખોળકર્તાઓ બનવા માટે આમ કરવું જરૂરી છે.

સહી કરી છે,

______________________ ______________________

______________________ ______________________